# તહેવાર પહેલા સીંગતેલના ભાવમાં ઘટાડો

## તેલીબિયાંના ભાવમાં ઘટાડો ચાલુ : સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં સતત મગફળીની આવકમાં વધારો થવાથી ભાવમાં આગળ પણ ઘટાડો થવાની ધારણા

અમદાવાદ, તા.૨૨

સાતમ આઠમનાં તહેવાર પહેલા રાહતના સમાચાર સામે આવ્યા છે. સીંગતેલના ભાવમાં પ્રતિ ડબ્બે ૪૦ રૂપિયાનો ઘટાડો થતાં મોંઘવારીના મોરચો થોડી રાહત મળી છે. જોકે આ ભાવ ઘટાડા પછી હજુ પણ સીંગતેલના ડબ્બાનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર છે. રાજકોટમાં સીંગતેલનો ડબ્બો ૩૦૦૦થી ૩,૦૪૦ રૂપિયા બોલાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રમાં નવી મગફળીની આવકનાં પગલે ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં સતત મગફળીની આવકમાં હવે વધારો થશે. જેના કારણે સીંગતેલેના ભાવમાં આગળ પણ ઘટાડો ધવાની ધારણા છે. વિદેશી બજારોમાં ખાદ્ય તેલ (ખાસ કરીને સૂર્યમુખી અને સોયાબીન તેલ)ના ઘટતા ભાવ વચ્ચે ગયા સપ્તાહે દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં ખાદ્યતેલો, તેલીબિયાંના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો હતો. સૂર્યમુખી તેલમાં આ ઘટાડાને કારણે લગભગ તમામ સ્થાનિક તેલ અને તેલીબિયાં અને સરસવ, સીંગદાણા તેલ અને તેલીબિયાં, સોયાબીન તેલ, ક્રૂડ પામ ઓઈલ અને પામોલિન અને કપાસિયા તેલના ભાવો પર દબાણ જોવા મળ્યું હતું. ખેડૂતોએ સસ્તા દરે સોયાબીન ન વેચવાને કારણે સોયાબીન તેલીબિયાંના ભાવ અગાઉના સ્તરે રહ્યા હતા. બજારના સૂત્રોએ જણાવ્યું હતું કે સમીક્ષા સપ્તાહ પહેલા સોયાબીન તેલનો ભાવ ઈ૧,૧૬૦ પ્રતિ ટન હતો, તે ઈ૧૦૦ ઘટીને ઈ૧,૦૬૦ પ્રતિ ટન થયો છે. એ જ રીતે, સૂર્યમુખી તેલના ભાવ અગાઉ ઈ૧,૦૭૦-ઈ૧,૦૮૦ થી ઘટીને ઈ૯૫૦ પ્રતિ ટન થયા છે. લગભગ ૧૦ મહિના પહેલા, સૂર્યમુખી તેલના ભાવમાં તફાવત જે ૐ થી ઈ૩૫૦ હતો, તે ૐ થી પ્રથમ વખત ઈ૧૦ પ્રતિ ટન થઈ ગયો છે. સૂર્યમુખી અને સોયાબીન તેલ ૩૧ માર્ચ સુધી ડ્યુટી ફ્રી આયાત કરી શકાય છે.

પરંતુ ઓછી આવક ધરાવતા જૂથોમાં વપરાશમાં આવતા પામોલીન પર ૧૩.૭૫ ટકાની આયાત જકાત લાગુ પડે છે. જાન્યુઆરી મહિનામાં ડ્યુટી ફ્રી આયાત ક્વોટા હેઠળ ૪.૬૨ લાખ ટન સૂર્યમુખી તેલની આયાત કરવામાં આવી હતી, જ્યારે ફેબ્રુઆરીમાં સૂર્યમુખી તેલની ૧.૫૬ લાખ ટન આયાત કરવામાં આવી હતી. ૩૧ માર્ચ સુધી આ ક્વોટા સિસ્ટમ હેઠળ લગભગ ૧૦ લાખ ટન સૂર્યમુખી (સાત લાખ ટન) અને સોયાબીન (લગભગ ૩ લાખ ટન)ની આયાત કરવાની બાકી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ જંગી માત્રામાં આયાત આગામી ચાર મહિનાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી છે.

દેશના બંદરો પર સૂર્યમુખી તેલની કિંમત લગભગ ૧૦ મહિના પહેલા ૨૦૦ રૂપિયા પ્રતિ લિટરથી ઘટીને માત્ર ૭૩-૭૪ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. આવી સ્થિતિમાં, ઊંચી કિંમતના સ્વદેશી તેલીબિયાં (સ્વદેશી સૂર્યમુખી તેલની કિંમત રૂ. ૧૩૫ પ્રતિ લિટર છે)નો વપરાશ કરવો મુશ્કેલ છે.




ચંદ્રયાન આજે લેન્ડીંગ કરવાનું છે ત્યારે ચંદ્રયાન-૩ના પેઈન્ટીંગ સાથે રિવર ફ્રન્ટ પર ખુશી મનાવી રહ્યા હતા.



સિંધી સમાજ ભગવાન ઝુલેલાલના ચાલીસ દિવસના ઉપવાસ પુરા થતા ચાલીસ દિવસ મુકેલ મટકીને નદીમાં પધરાવા માટે જઈ રહ્યા છે

### કુપોષણથી મુક્ત રાષ્ટ્રનો વ્યાપક દ્દષ્ટિકોણ

# વલસાડમાં બાલપોષણ પહેલનો બીજો તબક્કો આરંભાશે

## આઈટીસીના મિશન મિલેટ અભિયાનનો ભાગ છે : જેનો ધ્યેય પોષણ સંબંધી ઉણપોના જોખમને ઘટાડવા માટે ચાલી રહેલી વિવિધ સરકારી પહેલોમાં યોગદાન આપવાનો છે

વલસાડ, તા.૨૨

આઈટીસી લિમિટેડે પોતાના સીએસઆર પ્રોજેક્ટ – ભારતમાં પાંચ વર્ષથી નાની વયના બાળકો પર વિશેષ રૂપે કેન્દ્રિત અને બાળ કુપોષણના ઉકેલને સમર્પિત પહેલ 'બાલપોષણ'ના બીજા તબક્કાની જાહેરાત કરે છે. ન્યુટ્રિહબ, આઈસીએઆર- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મિલેટ્સ રિસર્ચ અને મમતા હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ ફૉર મધર એન્ડ ચાઈલ્ડના સહયોગમાં આ પ્રોજેક્ટ ગુજરાતના વલસાડ જિલ્લામાં અમલમાં મૂકવામાં આવશે. આ પહેલ આઈટીસી ના મિશન મિલેટ અભિયાનનો ભાગ છે, જેનો ધ્યેય પોષણ સંબંધી ઉણપોના જોખમને ઘટાડવા માટે ચાલી રહેલી વિવિધ સરકારી પહેલોમાં યોગદાન આપવાનો છે તથા ભારતમાં મિલેટ્લની (જાડાં ધાન્યો) ખેતી અને વપરાશને પ્રોત્સાહન આપવાનો છે. ન્યુટ્રિહબ- આઈસીએઆર-આઈઆઈએમઆર સાથેની ભાગીદારીમાં આઈટીસી અને મમતા હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ વચ્ચે એક મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં બાલપોષણના ધ્યેયો તથા તેના અમલીકરણની યોજનાની રૂપરેખા આપવામાં આવી છે. આ હસ્તાક્ષર કાર્યક્રમમાં હાજર મહાનુભાવોમાં ડૉ. દયાકર રાવ, ન્યુટ્રિહબના સીઈઓ, ન્યુટ્રિહબ અને આઈસીએઆ-આઈઆઈએમઆરના મુખ્ય વિજ્ઞાની, હેમંત મલિક – ડિવિઝનલ ચિફ ઍક્ઝિક્યુટિવ – ફૂડ્સ, આઈટીસી લિમિટેડ, ડૉ. શાંતનુ શર્મા, ડેપ્યુટી ડિરેક્ટર મમતાનો સમાવેશ થતો હતો. બાળ કુપોષણના નિર્મૂલન માટે આ સંસ્થાઓ સાથે મળી ને કાર્ય કરવાની તેમની પ્રતિબદ્ધતાઓ પર આ એમઓયુમાં ભાર આપવામાં આવ્યો છે,

આ સાથે જ 'કુપોષણ મુક્ત ભારત' – કુપોષણથી મુક્ત રાષ્ટ્રના વ્યાપક દ્દષ્ટિકોણ પર પણ તેમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

# અમદાવાદમાં ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો

## મચ્છરજન્ય, પાણીજન્ય કેસમાં વધારો : ઓગસ્ટમાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ તેમજ સાદા મલેરિયાના ૧૧૧ કેસ જ્યારે ઝેરી મલેરિયાના ૭ કેસ

અમદાવાદ, તા.૨૨

દર વર્ષે ચોમાસાની સીઝન દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો માથું ઉચકતો હોય છે. ત્યારે હાલ અમદાવાદ સહિત ગુજરાતના કેટલાક શહેરોમાં રોગચાળાએ બરોબરનો ભરડો લીધો છે. જેને લઈને ઘરે ઘરે માંદગીના ખાટલા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભારે વરસાદ બાદ ભરાયેલા પાણીને લઈને મચ્છરનો ઉપદ્રવ વધતાં મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. બીજી બાજુ ચોમાસાની ઋતુને લઈને પાણીજન્ય રોગચાળાએ પણ હાલ અમદાવાદમાં કાળો કહેર વર્તાવ્યો છે. અમદાવાદમાં ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. અમદાવાદમાં ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય કેસમાં વધારો નોંધાયો છે. ચાલુ મહિના ઓગસ્ટની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. તેમજ સાદા મલેરિયાના ૧૧૧ કેસ નોંધાયા જ્યારે ઝેરી મલેરિયાના ૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટ મહિનામાં ચિકનગુનિયાના ૯ કેસ નોંધાયા તેમજ ઝાડા-ઉલ્ટીના ૬૧૯ કેસ, ટાઈફોઈડના ૪૬૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટમાં કમળાના ૧૧૪, કોલેરાના ૨૦ કેસ નોંધાયા છે. કેસ વધતા અમદાવાદમાં આરોગ્ય તંત્ર પણ સફાળું જાગ્યું છે અને છસ્ઝ દ્વારા મચ્છરોની બ્રિડિંગ સાઈટને લઈને ચેકિંગ હાથ ધરાયુ હતું. બાંધકામ સાઈટ, શાળા, હોસ્પિટલો સહિતના સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# ખંભાળિયામાં ૨૬ લાખનું નશાયુક્ત સીરપ ઝડપાયુ

## દ્વારકા પોલીસે પંજાબના સંગુરમાં આયુર્વેદિક દવાના નામે વેપાર ઉપર દરોડા પાડી આરોપીને ઝડપી પાડ્યા

દ્વારકા, તા.૨૨

પંજાબમાં આયુર્વેદિક દવાના નામે નશો ગુજરાત મોકલાતો હતો. ખંભાળિયામાંથી ચિરાગ થોભાણી, અક્રમ બનવાની ધરપકડ કરાઈ છે જ્યારે પંજાબથી પંકજ ખોસલા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકાના એસ પી નીતિશ પાંડેયએ જણાવ્યું કે, ખંભાળિયા પોલીસ ટીમ દ્વારા ભાનવડી વિસ્તારમાંથી એક ગોડાઉનમાંથી આયુર્વેદિક પીણો લગભગ સાડા પંદર હજાર બોટલ કબજે કરી હતી. જેની માર્કેટ વેલ્યું આશરે ૨૬ લાખ જેટલી છે, જે તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી પાસે જે કાયદેસરની પરવાનગી હોવી જોઈએ તે હતી નહી, તેમજ ખોટા દસ્તાવેજોના આધારે વેચાણ ચાલતો હતો. જેને લઈ ૧૦ ઓક્ટોમ્બરે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.દેવભૂમિ દ્વારકાના એસ પીએ કહ્યું કે, જે ગુનામાં બે આરોપીઓ ચિરાગ થોભાણી, અક્રમની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ પંજાબના સંગુર જિલ્લામાંથી પંકજ ખોસલાની પણ અટકાયત કરવામાં આવી હતી.

### સોમનાથ મહાદેવને સૂર્યદર્શન શૃંગાર



શ્રાવણના છઠ્ઠા દિવસે સોમનાથ સોમનાથ મહાદેવને સૂર્યદર્શન શૃંગાર...પ્રભાસ એટલે તેજોમય પ્રકાશની ભૂમિ, જ્યાં ૧૨ જેટલા સૂર્યમંદિરો દૈદિપ્યમાન હતા.

### સ્વાગત ઓનલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટેની રજૂઆતો તા. ૨૪મી ઓગષ્ટના રોજ સવારે ૮-૩૦થી ૧૧-૩૦ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રીશ્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

### રાઉન્ડ લીધો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિલ્ડીંગ મટીરીયલ્સની અવરજવર માટે ભારે વાહનોની અવરજવરનો ધમધમાટ રહે છે. જયારે પીક અવર્સ ઉપરાંત પણ અમદાવાદ સાથે જોડાયેલા આ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ જોવા મળે છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ એરપોર્ટ કે અમદાવાદની વિવિધ હોટલમાંથી મહાત્મા મંદિર તેમજ લીલા હોટલ સુધી જવા માટે ખ માર્ગ પર જ મહાનુભાવોની અવરજવર રહેશે. જેને અનુલક્ષીને ખ માર્ગ તેમજ આસપાસના વિસ્તારમાં ટ્રાફિકને નડતરરૂપ અડચણો દુર કરવા માટે અધિકારીઓએ અત્યારથી જ અભ્યાસ શરૂ કરી દીધો છે. જેને અનુલક્ષી આજે સવારે મ્યુનિકમિશ્નર જે એન વાઘેલા, પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી સહીત સીટી ઈજનેરે આ વિસ્તારની મુલાકાત લઇ સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. જયારે આ વિસ્તારમાં એપ્રોચ રસ્તાઓ, વિવિધ જંકશન પર ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત થાય તેમજ ટ્રાફિકનુ ભારણ હળવુ થાય તે માટે પાર્કીંગ સહીતના પરિબળોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે પણ જરૂરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. જયારે આ વ્યવસ્થાને યોગ્ય કરવા માટે કોર્પોરેશન કક્ષાએથી પ્લાન અને ડિઝાઈન તૈયાર કરવા માટે કન્સટન્સીને પણ કામ સોંપવામાં આવશે. જયારે આ યોજનાને ધ્યાનમાં રાખી આગામી દિવસોમાં કામ હાથ ધરવામાં આવશે.

### મહત્વપૂર્ણ જાહેરાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ વિધાનસભાના ઉપદંડક શ્રી જગદીશ મકવાણા સહિત સમગ્ર રાજ્યની ગૌશાળા-પાંજરાપોળના સંચાલકો આ ગૌરવશાળી સમારોહના સાક્ષી બન્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ અબોલ પશુઓની સારસંભાળ અને રખરખાવ કરતી આવી સેવા સંસ્થાઓના સારા કાર્યોમાં સરકાર યોગ્ય મદદ-સહાયથી પડખે ઊભી રહેવા તત્પર છે તેવા વિશ્વાસ આપ્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય સુધારવા પ્રાકૃતિક ખેતીથી બેક ટુ બેઝિકનું આગવું વિઝન આપ્યું છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળીને રાસાયણિક ખાતરથી ઉત્પન્ન થતાં અનાજથી મુક્તિ સાથોસાથ પશુધનની પણ સારી રીતે માવજત થઈ શકશે.

વડાપ્રધાનશ્રીએ રોજબરોજની જીવનશૈલીમાં પણ પર્યાવરણ જાળવણીના ધ્યેય સાથે મિશન લાઈફનો વિચાર આપ્યો છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

કૃષિ મંત્રી શ્રી પટેલે ગૌશાળા-પાંજરાપોળો જેવી સંસ્થાઓને કેન્દ્ર-રાજ્યની ગોબરધન સહિતની જુદી જુદી યોજનાઓનો લાભ લઈ આર્થિક ઉપાર્જન થકી કાયમી ધોરણે આત્મનિર્ભર અને સ્વાવલંબી બને તે માટે પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનના શ્રી ગીરીશભાઈ શાહ તથા શ્રી મિતલભાઈ ખેતાણી, જામનગરના મેયર શ્રી બિનાબહેન કોઠારી, પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ વર્ષાબેન દોશી, વડોદરાના પૂર્વમેયર ડૉ. જિગીશાબેન શેઠ, પશુપાલન નિયામક શ્રીમતી ફાલ્ગુની બહેન સહિત રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકો-ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### મહત્વનો નિર્ણય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે ચૂંટાયેલા પદાધિકારી જ્યારે સરકારી અધિકારીને તેમની કચેરીના લેન્ડ લાઈન ફોન પર ફોન કરે ત્યારે તેમની ગેરહાજરીમાં ફોન ઉપાડનાર કર્મચારી ખાસ કરીને અધિકારીના અંગત મદદનીશ કે રહસ્ય સચિવે આ ફોનની નોંધ કરી તેની યાદી રાખવાની રહેશે અને સંબંધિત અધિકારી કચેરીમાં આવે કે તરત જ તેમના ધ્યાન પર આ નોંધની યાદી મુકવાની રહેશે. ગુજરાત સરકારના પરિપત્રમાં આ બધી સૂચનાઓનું ચૂસ્તપણે અને યોગ્ય રીતે પાલન કરવાનુ જણાવવામાં આવ્યુ છે. આ સૂચનાઓ સચિવાલયના સર્વે વિભાગો, ખાતાના વડાઓ, કચેરીઓના વડાઓ, બોર્ડ-કોર્પોરેશન તથા નિગમના વડાઓ તેમજ જિલ્લાના તમામ અધિકારીઓને લાગુ પાડવામાં આવી છે.

સરકારના આ નિર્ણયથી પ્રજાના કામોનો સત્વરે નિકાલ લાવવા માટે પદાધિકારીઓને સરળતા રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

### નવી નીતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શનિવારની રજા હોવા છતાં આ મામલાની સુનાવણી ૧૯ ઓગસ્ટે થઈ હતી. જસ્ટિસ નાગરત્નાએ ગુજરાત હાઈકોર્ટને વિલંબ કરવા માટે ઠપકો પણ આપ્યો હતો. નાગરત્નાએ કહ્યું- જ્યારે આવા મામલામાં દરેક દિવસ મહત્ત્વપૂર્ણ હોય છે, તો પછી સુનાવણીની તારીખ કેમ મોકૂફ રાખવામાં આવી. હકીકતમાં ૧૧ ઓગસ્ટના રોજ હાઈકોર્ટે કેસની તાત્કાલિક સુનાવણી ન કરતાં ૧૨ દિવસ પછી આગામી તારીખ આપી હતી

### શરૂઆત કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસોમાં એવા સમાચાર આવ્યા છે કે રોડ ટ્રાન્સપોર્ટ મંત્રાલયે દેશમાં કારના ક્રેશ ટેસ્ટીંગ માટે એક પેરામીટર નક્કી કર્યુ છે. આ પેરામીટર અનુસાર બી.એન.સી.એ.પી. ક્રેશ ટેસ્ટમાં કારને એડલ્ટ ઓક્યુપન્ટ પ્રોટેક્શન ચાઈલ્ડ ઓક્યુપન્ટ પ્રોટેક્શન અને સેફટી આસીશ ટેકનોલોજી પર આધારિત સેફટી રેટીંગ આપવામાં આવશે.

### પુરસ્કાર યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે અને વિજેતાઓ રોકડ પુરસ્કાર ઈનામ માટે લાયક બનશે. રૂ.૧૦,૦૦૦ થી રૂ. ૧ કરોડ સુધી. લકી ડ્રો માટે ધ્યાનમાં લેવાતા ઈન્વૉઈસનું ન્યૂનતમ ખરીદ મૂલ્ય રૂ. ૨૦૦ છે અને વ્યક્તિ ૧ સપ્ટેમ્બરથી શરૂ થતા મહિનામાં વધુમાં વધુ ૨૫ ઈન્વૉઈસ અપલોડ કરી શકે છે.

'મેરા બિલ મેરા અધિકાર' મોબાઈલ એપ IOS અને એન્ડ્રોઈડ બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. એપ પર અપલોડ કરવામાં આવેલ ઈન્વોઈસમાં વિક્રેતાનો GSTIN, ઈન્વોઈસ નંબર, ચૂકવેલ રકમ અને ટેક્સની રકમ હોવી જોઈએ.

આ યોજનાની કલ્પના એવી રીતે કરવામાં આવી છે કે જેથી કરીને નાગરિકો અને ગ્રાહકોને વેપાર-થી-ગ્રાહક (B2C) માલ કે સેવાઓની ખરીદી કરતી વખતે વેચાણકર્તા પાસેથી અસલી ઈન્વૉઈસ માગવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

### વિશ્વની નજર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચંદ્રયાન-૨ અને હવે રશિયાનું લુના-૨૫ - આ સમયગાળામાં લેન્ડિંગના પ્રયાસો નિષ્ફળ ગયા છે. એસ સોમનાથે એ પણ પુષ્ટિ કરી કે ચંદ્રયાન-૨ના ઓર્બિટર સાથે લેન્ડિંગ મોડ્યુલને જોડવાનું જટિલ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. જે ૨૦૧૯થી ચંદ્રની પરિક્રમા કરી રહી રહ્યું છે. તેમણે કહ્યું, 'ચંદ્રયાન-૨ ઓર્બિટર સાથે લેન્ડરને જોડવાનું પરીક્ષણ અને ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે'. ઈસરોએ પાછળથી જણાવ્યું કે આનાથી લેન્ડર અને ચંદ્રયાન-૨ ઓર્બિટર વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થઈ ગયો છે.

ચંદ્રયાન-૩ લેન્ડર ચંદ્રની સપાટી પર લેન્ડીંગના એક દિવસ પહેલા ઈસરોએ જણાવ્યું હતું કે, ચંદ્રયાન-૩ મિશન નિર્ધારિત સમય મુજબ આગળ વધી રહ્યું છે. સ્પેસ એજન્સીએ કહ્યું કે, 'ઈસરોટેલિમેટ્રી, ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક' (ઈસટ્રેક)માં સ્થિત 'મિશન ઓપરેશન્સ કોમ્પ્લેક્સ'માં ઉત્સાહનું વાતાવરણ છે. ભારતના ચંદ્ર પરના ત્રીજા મિશન વિશે નવીનતમ માહિતી આપતા ઈસરોએ કહ્યું કે ' મિશન સમયગાળા મુજબ આગળ વધી રહ્યું છે. સિસ્ટમનું નિયમિત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કામગીરી સરળતાથી ચાલી રહી છે. ઈસરોએ જણાવ્યું કે, ચંદ્રયાન-૩નું મોક્સ/ઈસ્ટ્રેકપરથી ચંદ્રની સપાટી પર લેન્ડિંગનું લાઈવ પ્રસારણ આવતી કાલે સાંજે ૫.૨૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે.

લેન્ડર (વિક્રમ) અને રોવર (પ્રજ્ઞાન) નો સમાવેશ કરતું લેન્ડર મોડ્યુલ બુધવારે સાંજે ૬.૪૫ વાગ્યે ચંદ્રની સપાટીના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક લેન્ડીંગ કરે તેવી અપેક્ષા છે. ચંદ્રયાનના લેન્ડરે લગભગ ૭૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે. લેન્ડર પોઝિશન ડિટેક્શન કેમેરા (એલપીડીસી)ની ઊંચાઈ પરથી ચંદ્રની કેટલીક તસવીરો મોકલવામાં આવી છે, જેને ઈસરો દ્વારા શેર કરવામાં આવી છે.ભારતના ચંદ્રયાન-૩ની ૨૩ ઓગસ્ટે થનારી સોફ્ટ લેન્ડિંગ પહેલા તેના લેન્ડરમાં લાગેલા કેમેરાએ ચંદ્રની તસવીરો લીધી છે. ઈસરોએ લેન્ડર ઈમેજર કેમેરા ૪થી લીધેલી તસવીરો એક નાના વીડિયોના માધ્યમથી ટ્વિટ કરીને જાહેર કરી છે. વીડિયોમાં ચંદ્રની સપાટી ઘણી પ્રકાશિત નજરે પડી રહી છે, જેમાં ઠેક ઠેકાણે ખાડા પણ જોવા મળી રહ્યા છે. ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરશે.

### લાંબા સમયથી પરીક્ષા અંગે જોવાઇ રહી હતી રાહ

# વડોદરા મહાપાલિકાની જૂનિયર ક્લાર્કની પરીક્ષા ૮ ઓક્ટોબરે જાહેર

## પરીક્ષાને લઈ ઉમેદવારો લાંબા સમયથી રાહ જોઇ રહ્યાં હતા, આ પરીક્ષાનું આયોજન ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જ કરવામાં આવ્યું છે

વડોદરા, તા.૨૨

વડોદરા મહાપાલિકાની જૂનિયર ક્લાર્કની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. ૮ ઓક્ટોબરે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જૂનિયર ક્લાર્કની પરીક્ષા લેવામાં આવીશે. જે પરીક્ષાને લઈ ઉમેદવારો લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં હતાં. અત્રે જણાવી દઈએ કે, આ પરીક્ષાનું આયોજન ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જ કરવામાં આવ્યું છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા વડોદરા મહાનગરપાલિકાની જુનિયર કલાર્ક વર્ગ-૦૩ સંવર્ગની કુલ ૫૫૨ જગ્યાઓ ભરવા માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું તા.૦૮/૧૦/૨૦૨૩ને રવિવારના રોજ આયોજન કરાયું છે. મંડળે એમ પણ જણાવ્યું છે કે, અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના પંદર દિવસ પહેલા મંડળની વેબસાઈટ (https://gsssb. gujarat.gov.in) પર મૂકવામાં આવશે.

# રાજુલામાં મેગા ડિમોલિશન ૩૫૦થી વધુ દબાણો તોડી પડાયા

## ૩૫૦થી વધુ દબાણોને તોડી પાડવા માટે અગાઉ જ નોટિસ આપવામાં આવી હતી

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં આજે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજુલા શહેરના ભેરાઈ રોડ, ડુંગર રોડ, છતડીયા રોડ, મહુવા રોડ અને જાફરાબાદ રોડ વિસ્તારમાં મોટા પ્રમાણમાં દબાણો તોડી પડાયા છે. ૩૫૦થી વધુ દબાણોને તોડી પાડવા માટે અગાઉ જ નોટિસ આપવામાં આવી હતી. મોટાભાગના દબાણો તો સ્વૈચ્છિક રીતે જ દૂર કરાયા હતા. બાકીના દબાણોને આજે તોડી પડાયા છે. ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ અને અધિકારીઓની ટીમ તૈનાત કરવામાં આવી હતી. દબાણો તોડી પડાયા બાદ ફરી જો કોઈ દબાણ કરશે તો તેને ૧૦ હજાર રુપિયાનો દંડ અને લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાશે.